ૐ

પવિણા વિલાસી.

દોહરો.

પહેલી ખૂત ઝટપટ ગઈ બીજી થઇ તૈયાર

છોડો દુરગુણ દુષ્ટને સદ્દગુણ લ્યો હથીયાર.

રચી છપાવી પ્રગટ કરનાર.

અંબાલાલ જેશંકર પંડયા.

માંડવીની પોળ—અમદાવાદ.

સવત ૧૯૭૨ સને ૧૯૧૫


આવૃત્તિ ૨ જી પ્રત ૨૦૦૦.

અમદાવાદ—ખેમામાને ચકલે ધી નટવર પ્રીન્ટીંગ પ્રેસમાં

ભોગીલાલ નારણરામ ઓડીચાળાએ છાપી.

મૂલ્ય ૦—૧—૦.

વિષયોની અનુક્રમણીકા.



કળીકાળને હોટલનો

અભીલાખ.

(રાગ—શંકર વસે કૈલાસમાં.)

હાંલીમાં નથી ક્લેસ ઓરવારે, (પણ) પડયો ચાહનો સ્વાદરે. હાંલી૦
કલાકે કલાકે બીડિયોરે, ત્રણ કલાકે ચાહરે;
ખોખુ થયુ ક્ષઇ રોગનુ, કરી જીવતાં દાહરે. હાંલી૦
ત્રણ આનાની ચાહ બીડીયોરે, અરધા આનાનાં પાનરે;
ઘંટી ચાટે ઘરનાં છોકરા, નથી ખાવાને ધાનરે હાંલી૦
અત્તર ન્યુપેલ ને આરસીરે, માંગે આંબળાનુ તેલરે:
આગળ છોગુ પાડે પાંચીઓ, તન દારૂથી રગ રેલરે. હાંલી૦
ખોખુ થયુ ક્ષય રોગનુરે, તેણે પહેર્યુ ખમાસરે;
અકડ અસ્ત્રીબધ લુગડા, કહે વેલ વેલ ધીસરે. હાંલી૦
બુટ સ્ટોકીંગ ના ઉતરેરે, ફરે ઘરમાં કે બહારરે;
આડંબર ઇંગ્લીશ રીતનો, કરે બીસકુટ અહારરે. હાંલી૦
હોટલ તો હૈયાનો હાર છેરે, બીડી છાતીનુ તેજરે;
ચાહ ચક્ષુનો અંવરો, હોટલ છે છેને સેજરે. હાંલી૦

સવૈયા બત્રીસા એકત્રીસા.

હે ગુજરાતી ગુર્જરમાંથી શૌર્ય ગયું છે શાનાથી,
દારૂએ તો દાટજ વાળ્યો બીડી બીડી ચહાનાથી;
દુધના કુચા પીને બેઠા પહેર્યા ચશ્માં મળીયુ માન,
માંખણુમાંતો મીશ્રીત પેહુ હૈયુ બળતું હીંદુસ્થાન. ૧
ધર્મ કર્મને વાદજ પડીઓ કરમે લગામ ઝાલી છે,
ધમકીથી તો ધર્મજ નાઠો હોટલ હૈયે વહાલી છે;
તાડી પીવા તતપર થઇને મૂક્યુ સર્વ ભણેલુ જ્ઞાન,
રસ્તા મહીં રડવડતા દીસે હૈયુ બળતું હીંદુસ્થાન. ૨
સોડાવોટર સારૂ લાગે લીનલેટમાં લાગ્યુ છે ચીત્ત,
સવાર સાંજે શરબત ભાવે બીસકુટ આગળ અ ઘોભીંત;
આવી રીતી સીખ્યા તેથી ભાવે નહીં કંઇ ઘરમા ધાન,
લાલઘુમ આંખોથી મહેકુબ હૈયુ બળતું હીંદુસ્થાન. ૩
ચાહ બીડીમાં ઝાઝી પ્રીતિ દુધ તણું લેતો નહી નામ,
હોટલમાં હૈયુ હરખ્યું છે ગુર્જરનુ તો પીને જામ;
સૌર્ય ગયું છે ગુર્જરનુ તો બીડી ચાહને ચાવે પાન,
દીસા બીજી સુઝે નહીં કંઇ હૈયું બળતું હીંદુસ્થાન. ૪
જીંજીર ટૉનીક જોર કરીને જુવાન નરને ખેચે છે,
પીકમીઅપ પીવાને કાજે પૈસા પાકીટ વેચે છે,
લીથીયા મહીં લડબડીયાં ખઇને લહેરી રહે છે ખુબ ગુલતાન,
રાસબરી રસવાળી લાજે હૈયુ બળતું હીંદુસ્થાન. ૫
ડાબા ડયુકે શ્રસ્ટો કીધુ કોલ્ડ ડ્રીંકસ માગે આવી,
આઇસક્રીમ આનંદે ભાવે લ્યોને દુધના કુચા ચાવી;

ઓછી રોજ આવા મોજી કેમ રહો છો હે હેવાન,
સર્વ ખોહ્યું ગયું હોટલે હૈયુ બળતું હીંદુસ્થાન. ૬
આખો દીવસ રળીરળીને હોટલ કાજે કીધું દામ,
સદા સાટાં કરી કમાયા હોટલમાં લીધો આરામ;
બનાવટી બ્રાહ્મણના હાથે ભજીયાં ખાતા ભુલતા ભાન,
ખમણુ કચોરી ખુબ લઇ ખાતા હૈયુ બળતું હીંદુસ્થાન. ૭
ડબલ સીંગલ કોકો કોફી ઓર્ડરથી આવી મળતી,
ટેબલ ઉપર ટોપી મેલી પીવા માંડે છે વળતી;
ટેબલ હેઠળ લાબા ટાગા પુંછ હલાવે જેવું શ્વાન,
હલાવતા પગ તેવી રીતે હૈયુ બળતું હીંદુસ્થાન. ૮

લાવ અલ્યા બીસકુટ ઓ બુડથલ પૈસા એક તણુા મુજ માટ,
આધીન સેવક હાજર કરતા જોઈ રોફનો ખોટો ઠાઠ;
ચાહમાં બોળી બીસકુટ ચાવે શીખામણ ધરતા નહીં કાન,
એઠું જુઠું અળખું મુક્યું હૈયુ બળતું હીંદુસ્થાન. ૯
અરીસા અંદર આખા દીલના દેખાવો તેને દેખાય,
ચહા પીતાં ફાડેલુ મોઢુ હૈડું તે દેખી હરખાય;
પરીક્ષા પટીયાની કરવા બેઠો હોટલનો મેમાન,
વાંકુ ચુકુ ખસી ગયેલું હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૦

બુટ કાઢવાની છે બાધા રાખી છે ઇંગ્રેજી રીત;
હીંદુ થઇને થયો બબરચી રાખીને હોટલમાં ચીત્ત;
ભણ્યા ગણ્યામા પૂરો પડીયો બોલીનો દીસે ગુણવાન,
સાહેબજી સાહેબજી કહેતો હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૧
ચહાને પીતાં મુછો બગડે રૂમાલ તેને લોવાનો,

બીસકુટનું બચકું ખઈ ઉઠયા હાથ નથી કંઇ ધોવાનો:
રૂમાલ પાણી રૂમાલ લોટો લુવે રૂમાલે નાકને કાન,
ખીસા અંદર એંઠો ઘાલે હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૨
બાહ્મણોની ટોળી ઉંચ નીચ ગ્નાતીની ભેગી થાય,
એક ડુબે તો સઘળા ડુબે તેવી રીતે પાછળ જાય;
પાણી પીને પૈસા આપ્યા પણ ન રાખ્યુ ચીત્તનું ભાન,
આવક કરતાં જાવક ઝાઝી હૈયુ બળતુ હીંદુસ્થાન. ૧૩
પરસેવો વાળીને પૈસો ભેગો કરતાં આવે જોર,
ખોટે રસ્તે તે નાણાને હાથે કરીને નાખે ઢોર·
ઘરની બૈરી ધાંટા પાડે ઉછેદીયા નહી ઘરમાં ધાન,
વ્યસની તો વળગી રહે વ્યસને; હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૪
નવાં લુગડાં બાળક માટે લાવે પણ પાસે નહી દામ,
ઊધાર ઉછીનુ લાવી લાવી ચલવે એતો ઘરતું કામ,
મુદ્દલનું તો બાજ થયુ બહુ તોએ ફરી ગયુ ક્યાં ભાન,
હોટલ હેએથી નહી અળગી હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૫
ઘરની બૈરી ઘંટી ચાટે વેશ્યા પહેરે સારાં ચીર,
ખરા ગુરૂને ખાવાનુ નહીં લુચ્ચા ખાતા પુરીયો ખીર;
જો કોઈ શીખામણની વાતો કહે તો તેનો લે એ જાન,
બુદ્ધા ગણીયા બેલ બરોબર હૈયુ બળતું હીદુસ્થાન, ૧૬
હે ગુજરાતી આ ગુરજરનું નાણું સરવે મીથ્યા જાય,
ઉંધે રસ્તે નાણું નાખી અભાગીયા જન ખુસી થાય;
નાના બાળક ભણાવવામા રાખે નહીં એ પોતે ભાન,
ફરે બીજાને પોતા જેવા હૈયુ બળતું હીંદુસ્થાન. ૧૭

ગઝલ.

સુધારે તો થશે સારી, જગતની આ દસા પુરી;
કુધારે તો બગડવાની, બધી દુનિયા સૂરી પૂરી.
ઘણા વિદ્વાન વિધાને, ભણેલા ને ગણે નહીં જો;
ઘણા હુશીયાર હુશીયારી, મુકીને ચાલતા મહીં જો.
ઘણા ધનવાન ધનનાથી, ધરમને તો મુકયો આઘો,
ઘણા ડાહ્યા ડહાપણુમા, તમે સીદ ભીખને માગો.
અરે હે આર્ય ! શોખીલા, બીડી ચાહ પી થયા ઢીલા,
ગયુ દૈવત હોટલે, ખરી હોટલની લીલા.

અરે ચસમા તમે પહેરી, ચતુરાઇ મુકી આવ્યા;
કીડી આંખો ને મકોડા, ચહા તેનો પાને આવ્યા.
બધો કચરો થયો ભેગો, પીનારો દેખતો નહીં જો;
વળી દુધો પીધા વાસી, ભમે છે ચીત્ત તો મહીં જો.

ઘણા પ્યાલા રકાબીમા, પીનારા પી ગયા પાણી;
દીસે છે દેખીતી એઠી, નસે લ્યો શાદને તાણી.
અરે ગુર્જર તમે ઘેલા, થઇને ધર્મ ખોળો છો,
બીજાએ રાખ ચોળી છે, તમે શીદ રાખ ચોળો છો.

ઘણા પોરા મુવેલા તે, કુચા ભેગા ગળ્યામા છે,
ટીલુ તાણી પીંઉ પાણી, ભગત તો મહીં ભળ્યામા છે
નહીં અફસોસ એઠાનો, તને કંઇ લાગનો દીસે;
કહેનારા કહી લ્યોને, પીનારા તો જરૂર પીશે.

હીંદુઓનો ખોટો ઠાઠ.

ઓછું ભણતર ખોટો ઠાઠ, તે દેખી થાતો ઉચાટ,
ઓછું નાણું 〃 〃
ઓછી બુદ્ધિ 〃 〃
ખીસાં ખાલી 〃 〃
ઓછી રોજી 〃 〃
વાદે વાદે 〃 〃
સગે સગે 〃 〃
રંગે રંગે 〃 〃
ચોરી કરીને 〃 〃
નહીં ઉદ્યમને 〃 〃
લાંબા જોડે ટુંકો જાય, મરે નહીં ને માંદો થાય,
સોબતનો લાગે છે રંગ, પાછળથી ઓછો ઉમંગ.
અછકલો ઝાઝો છલકાય, બીજાને દેખી મલકાય,
સીદને માથે ઘાલો ધૂળ, પ્રથમ જુઓ તમારૂં મૂળ
ખાવા માટે ઓછું ધાન, બીજાનું દેખીને તાન;
બીજો ઘોડીનો છે સ્વાર, પોતાને ગદ્ધી તૈયાર.
હાથે મુર્ખ બનો હેવાન, રળવાનું રાખોને ધ્યાન;
મળે એટલે બનતા મીર, નવ મળ્યુ કે બને ફકીર.

રાગ-મોરમનો—મરસીયા ૭૬.

હાય ચાયરે હોટલે હીંદુ વટાળીયા, હોટલે હીંદુ વટાળીયારે હાય.
નાના મોટા સ્ટુડટો ફટાડીયા-રે હાય૦
મા ને બાપો નીશાળે મૂકે, છાનો બીડી હોટલોમા ફુંકે;
આવો અવસર ભણ્યાનો ચુકેરે-હાય૦ ૧
મારે નીશાળમાં મહેતો, મોડું ખાવાનુ થયુ તું કહેતો;
માને બાપે મુકયો છે વહેતો-રે હાય૦ ૨
ફરવા માંડી સ્ટુડટોએ ચોરા, ઊંધે રસ્તે હોટમો ગઇ દોરી;
દહાડે દહાડે વધી ભઇની તોરી-રે હાય૦ ૩
મા ને બાપો જાણે ભઇ ભણે છે, ભાઇ હોટલોમા ચા લણે છે;
એતો રજાના દીવસ ગણે છે-રે હાય૦ ૪
આપે ચોપડીઓને શીતુ નાણું, તેમાથી ખાય હોટલમા ખાંણું;
પણ અંતે મા બાપે જાણ્યું-રે હાય૦ ૫
કેમ નથી લાવ્યો અલ્યા ચુકો, મારવાને તો દીધો નાફુકો;
કહે ચાહ પીધી બીડીયો ફુક્યો-રે હાય૦ ૬
હોટલ અંદરથી તો ન ચીસારે, ગમે તેવુ મહેતા તેને મારે;
વાડી બગીચે બેસવુ ધારેરે-હાય૦ ૭
બાપ કરે પૈસાની ખુવારી, ભાઇને હોટલો લાગી છે સારી;
મહેતો થાક્યો એને મારો મારીરે-હાય૦ ૮

(રાગ—શંકર વસે કૈલાસમાં.)

હોટલે પેસા હઠાવીયારે, કરી સૌને ગુલતાનરે. હોટલે૦
અભણુ ભણ્યાના માલનેરે. કેવો ખોતરીને ખાયરે;
ભણેલાને ભરમાવીયા, પાઇ બીસકુટ ચાયરે. હોટલે૦

મોટા શાહુકારના છોકરારે, નથી નાણાંની ભીડરે,
કેમ ટમે ચાહ કારણે, પડયાં ખેતરમાં તીડરે હોટલે૦
ભજ્યાં પુરી ને પાંદડાંરે. તેની લાગે મીઠાસરે
કેમ સાહેબ કાંઇ જોઇએ ! આગળ ઉભા રહે દાસરે. હોટલે૦
દુધ પીવાનું કર્યું દૂર તેરે, ચાનો ચાખીને સ્વાદરે;
ઘરમાં નારીને ચા જોઇએ, લીધો સ્વામીનો વાદરે. હોટલે૦
ઘણી મુશીબતે મેળવ્યુ રે. પાઇ પાઇ કરી ધનરે;
ઘણો પરસેવો વાળીઓ, ફર્યો શહેરો ને વનરે. હોટલે૦
ભંગીને ભાંગના ઘેનથીરે ઘણો વાધે આનંદરે,
અમીનુ અમીણી ખાય છે, તેવો હોટલનો ફંદરે હોટલે૦

હરીગીત છંદ ચાલ.

ગુજરાતની જે માતને જાણી તમે મુકી દીધી,
જે દુધથી દહીં ઘી બને તે મુકી ચાહ બીડી પીધી;
શીખંડ બાસુદી અને માખણ ઘણું માવો બને,
બરફી બને પેડા બને એ ચીજ ભાવે છે મને. ૧
જે દુધનો દુધપાક ને ધારી બને સારી ઘણી,
કઢી છાશથી પીની ગમે હે વિશ્વના મોટા ધણી,
આવી રીતેના સુખને મુકી જવાનુ હોટલે,
બીડાથી હૈયુ બાળીને પૈસા ટકા ખુટે ભલે. ૨
ચાને બીડીમાં ભાવ છે દુધ દહીં બીચારૂં શું કરે,
બીસકુટ ચહાની બહાર છે ત્યા વેણ કાને શુ ધરે;

ઘરમાં બીચારો નાહીને ટાઢે મરે છે તરફડી,
તો દાળને ચોખા મળે રોટી મળે છે તે ઘડી. ૩
વળી વેદને વેદાંત વાંચી શાંત મનને ના કર્યું,
વાચ્યું રહ્યું છે પોથીમાં પણ હોટલે હૈયું ઠર્યું. ૪

લલીત છંદ.

અરર હે પ્રભુ ' શુ કર્યું તમે, પરમ દુ'ખમાં ડુબીયા અમે;
ગ્નાતીઓ ઘણી એકઠી થઈ, હોટલો મળી હોટલો મળી.
હોટલો તણા હે પ્રતિનીધિ, ચાહ મળી તમે કામણો કીધી;
બ્રાહ્મણો અને વાણીયા તણી, કુંભાર ગાયજા ગ્નાતીયો ઘણી.
પટેલ શ્રાવકો સુતાર સોનીઓ, બધાએ એકધા ઊંચ છે કીયો;
એક પાટલી એક મેજમાં, ખાણું ખાય છે સહેજ સહેજમાં.
પાણીની પૂરી પતરવેલીયાં, વાસી જે હતા તેને મેલીયાં.
ઘેર નાતમાં નાથ બ્રાહ્મણો, હોટલો કરે અનર્થ તો ઘણો.
મુકટા અને જે પીતાબરો, પહેરીને જતાં દૂર ક્યાં કરો;
એક ડોલમા રકાબીઓ ઘણી, ધોઈ ધોઇને આપતો ઘણી;
બ્રહ્મતત્વને બ્રાહ્મણે મૂકયુ, વીશ્નુતત્વને વાણીયે ચુકયુ;
ઘેર ખાવને પૂરીગો તળી, કેમ હોટલો લાગી છે ગળી.
ડબલ દામને શીદને ખુવો, આંખ આપી છે જરા તમે જુઓ;
ધર્મ ભ્રષ્ટ તો હોટલે કર્યા, દામ સર્વ તો હોટલે હર્યા.
ઊંચ વર્ણમા જન્મ આપીઓ, નીચ સોબતે શીદને પીઓ.

રાગ—મેમાન કરે મેનાની.

હોટલ હૈયાની નારી, મુકે ક્યમ તે વિસારી.
હોટલ તે હીંચકો ઘરનો, વળી પલંગ પ્યાગ નગ્નો,
ચાની તો ત્યાં તૈયારી હોટલ.

હોટલ છે ગુલાબ ફુલો, અંદર બેસાંને જુવો,
વળી નાણાની ખુવારી. હોટલ.

હોટલનાં ખુરશી મેજો, શી આવે તેની લેજો,
બીસકુટ ચહા લાગે સારી હોટલ.

હોટલમા હૈયું હરખે, ગોલો સોનાને પરખે,
બેસે ઊઘાડી બારી હોટલ.

જેના પીતા ધનનાગા, તે દીકરા કરતા ચાળા,
જેમ ફરે ઘણી મજારી. હોટલ.

આગળ ઉભા રહે દામો, કેમ સાહેબ શુ શુ ખાશો,
જેવી ગુણકાની યારી. હોટલ.

સાહેબને માટે સોડા, પીવાના પદેરી જોડા,
સીદ ખુવો તમે ઘરબારી. હોટલ.

હોટલમાં હાજર ચીજો, પૈસા આપીને પીજો.
પીએ મોટા બ્રહ્મચારી હોટલ.

હોટલ હૈયાનો હીરો, ઝડપે છે ઝાઝા વીરો,
જુગાર અને અહંકારી. હોટલ.

સમશાનેથી હોટલમાં, ચાહ પી લેવાનો પલમાં,
જુવે નહીં કાંઇ વીચારી. હોટલ.

(શંકર વસે કૈલાસમાં એ રાગ.)

પોતાને જોઇએ પાટલુનરે, વાસકોટ ઘડીયાળરે. પોતાને.
ક્ષઈના ખોખાપર જોઇએરે પહેરવાને ખમીસરે;
કુતરાની પેઠે કાઢલો, ઉપર દેખાય શીષરે. પોતાને.
ખોટી દેખાય તેને પાઘડીરે, ટોપીમાં નહીં ભારરે,
સોટી તો હાથમા જોઇએ, બબરચીના દેદારરે. પોતાને.
ચાલતે મારગે જોઇએરે, પીવા સારૂ ચીરૂટરે;
અક્કડ અસ્ત્રીબંધ લુગડાં, જોઇએ હોલબુટરે. પોતાને.

(રાગ—ઉપરનો).

ભણ્યાનો માલ અભણ ખાય.

અભણને માટે એકઠુરે, રળીને કીધુ દામરે. અભણ.
દરજી ધોબી ને ગાંયજારે, તેને ચાલ્યો વહેપારરે,
વહાલી છે વોસીગ કમ્પની, લુગડાની ધોનારરે. અભણ.
સત્તર આનાનું લુગડુ રે, સીવ્યાના આના સોળરે,
સોનાના ચસ્મા ચઢાવીયા, એ છે ટેનુ એડોળરે, અભણ.
મુડે દાઢી ત્રણ દોઢીયેરે, ડોસી મુછના એકરે;
ચાર જઈ ચાકરો કમાવ્યું, વાળ કાપ્યાનો નેકરે. અભણ.
અરધાજીએ ધુરે ધોબીઆરે, તેના આના છે ચારરે;
ખીસા ખાલી કર્યાં ખંતથી, ખાલી કડાવી બહારરે. અભણ.
ભણેલા પંદર પામતોરે, મળે અભણને ત્રીશરે;
આવુ દેખી ધણી વાપતી, મારા મનમાં રીશરે; અભણ.

ટેસી જોડા ક્યાં દૂરતેરે, પહેરી સપાટ બૂટરે;
ઘુંગડામાં લલચાઇને, ઉભો પીએ ચીરૂટરે. અભણ.
ઝરમે કપાસીયાનુ થયુરે, ધીને સાટે તો તેલરે;
ચીકાઇ ભેગુ મેળવ્યુ આવે ખાંડમાં મેલરે. અભણ.
શોખીન સેપરેટ દુધનારે. થયો નીની મહી ભેગરે,
તેજ ચક્ષુનું ચાલીયુ, ચાલ્યો ચશ્માંના વેગરે. અભણ.

(રાગ ઉપરનો)

કલીજુગનું પ્રમાણ

વાંકી પાંથી પાડી પ્રેમદારે, કળીજુગનુ પ્રમાણુરે. વાંકી.
વાંકી આખોને વાંકુ હીડવુરે, વંકુ બોલતા ન વારરે;
વાંકિ રસ્તે નાણું વેરવું, વાંકા સરવે સંસારરે. વાંકી.
વાંકી ચોળીને વાંકાં પોલકાર, વાંકી ધાઘરાની ઘેરરે,
ગરબો વાંકો વળી ગાઇને ગોળ વાંકનો છે ફેરરે. વાંકી.
સીધી પાથી નથી શોભતીરે, વાંકી પાંથી શાબાશરે.
ધીક્કાર છે ધુપેલને, આમળાની શી વાસરે. વાંકી.
વાંકી વાંકી ગમે કાસકીરે, અંબોડામા હરરોજરે;
કેવો સપાટનો રોફ છે, વાંકુ વઢવાની ખોજરે. વાંકી.
વાંકા વળી પાની સીચવુરે, ઘણુ થયુ છે દુરરે,
ઘંટી વાંકી વળી ખેંચવી, મજુરી ગઇ મજુરરે. વાંકી.
મોટા ચુડા નથી શોભતારે, નાની ચુડીની ચીપરે,
કાચ સોનાની બંગડી, દેખાય મારી સમીપરે, વાંકી.

અરધે માથે ઓઢવુંરે, એવા હજારો વાંકરે;
પ્રેમદાની બુદ્ધિ પાછીએ, અને ગણાતી રાંકરે. વાંકી.
વસ્યાની ચારે ચાલતીરે, વાંકી ચુંકી જે વાટરે;
જાતુ માર્યું જુના ઘાટને, કરાવી નવા ઘાટરે. વાંકી.

(રાગ ઉપરનો.)

જુના રીવાજ જડમૂળથીરે, નાખ્યા ખોદીને દૂરરે. જુના.
નારીને જોઇએ પોલકું રે, જોઇએ ઝીણાં વસ્ત્રરે;
દીલ બધુ દેખાય છે, જેમા જાળા સહસ્ત્રરે જુના.
પોલકાથી પોતે પાતળીરે, મટી જાડી દેખાયરે;
દરજી મરજી સાચવી, પૈસા ફોલી ખાયરે. જુના.
જોઇએ ધોળા ધોળા ઘાઘરારે, હેઠળ ઝાઝી છે પ્લેટરે;
ધોબણનો વેશ ધરી લીધો, ડ્રેસ થયો ઓલરેટરે જુના.
નાકે કાંટા નથી શોભતારે, સુની ચતુર સુજાણરે;
ગયાં કડલાં ને કાંબળી, કળીજુગનું પ્રમાણરે. જુના.
ફરગેજ દવાની બાટલીરે, અને ચાનો જે કપરે;
ક્ષઇરાગ ખાવાથી લાગીઓ, એનો એઠો છે ચપરે. જુના.
ઉંડા કુવા ને લાંબા દોરડારે, કર્યા ચકલીએ ચુપરે;
એઠે પાણી ઘેર આવતું, એવો ઇંગ્રેજ ભુપરે. જુના.
રાંડીરાંડોના રેંટીયારે, ખુણે ઊધઇઓ ખાયરે;
ઘંટીના પથ્થર ફુટી ગયા, સચે લોટ દળાયરે. જુના.
નારી ઉપર તમે નરહરીરે, કેવી કીધી છે મ્હેરરે;
તોએ કહે છે ઘણાં કામ તો, પડયાં છે મારે ઘેરરે. જુનાં.

ચીનાઈ સાડી ને ઝીક ઓપનીરે, બાંટ ખુણે સંતાયરે;
કાતણુ બીચારા શુ કરે, ખુસ મસી ઘસાયરે. જુનાં.
ઘેર ઘેર ગ્યાસલેટ વાપર્યુરે, લાગ્યુ દીવેલને દુખરે;
બીજા જેવા ડેસ રાખતીરે, પણુ કાળુ છે મુખરે. જુના.
કાળીગોળી બનવા જાયછેરે, કરી પાઉડરનો લેપરે;
સાબુથી સાફશુફ રાખતી, પણુ ફર્યો મહી મેપરે. જુના.

વાંઢાનો વિલાપ.

(આંખ વીના અંધારૂ રે—એ રાગ.)

નાર વીના ઘેર તાળુ રે, સદાય મારે નાર વીના ઘેર તાળુ.
ઊડકું લોટા હાથે, લાવુ હુ પાણી માથે;
મન બળે સ્ત્રીઓને ભાળુ રે. સદાય.
સવારે હાથે રાંધું, ભાખરી સાંજે બાંધુ;
મન બળેને કરૂં વાળુ રે સદાય.
પળે પળે પ્રેમદાને, ઘડી ઘડી પ્રેમદાને;
સભાળી ખાટલો ઢાળુ રે સદાય
ઘરમાં પલંગ ખાટો, ટેબલ ખુરશીને પાટો;
પાનાં વીનાનું જેન ડાળુ રે. સદાય.
સ્વપ્નામાં પરણ્યો નારી, હોસો પુરી થઈ મારી;
વીજળીનું એતો અજવાળું રે. સદાય.

એકલા ઘરમાં રહેવું, સૌ દુઃખ મનમાં સેહેવું;
ઘટી વીનાનુ જેમ થાળુંરે. સહાય.

હે ઇશ આપો નારી, આશા પુરોને મારી;
નહીં તો દીમાજે દાડ ગાળુરે. સહાય.

દેડ ભંગીને નારી, ગુનેગારી શી મારી;
મનડાને મનમા ઘણું આળુ રે. સહાય.

સોટી પશુ કોને મારૂં, ઘર ગું કોને શણગારૂં;
મોચીનુ ઘર મે નથી ભાળ્યુંરે. સહાય.

દાળ ચોખાનાં મેળા, વાઢાનો મોટો મેળો;
ચારણીએ લોટને ચાળુ રે. સહાય.

સુખકાર સૃષ્ટિમાં, દેહ ડુબ્યો કસ્ટીમાં:
ઘરમાં નથી રંગીત સાળુરે. સહાય.

સાળુની પહેરનારી, આભુષણુની માગનારી,
મારા ઘરને તે કેમ ટાળ્યુંરે. સહાય.

સાબુને અત્તર ચોળુ, ગુલાબજળ દીસે રોળુ,
નારી વીના તો મુખ કાળુરે. સહાય.

વીચારની લાગી છે વ્યાધી, કામદેવે કેડ બાંધી,
શુ કરૂં ! નાણાને ઉછાળુરે. સહાય.

નાર વીનાનો નર.

(દાળ વીનાનો લાડુ એ રાગ.)

ખીલો શોભે સાર વીના, જેમ ગધેડું ભાર વીના,
વહેપારી વહેપાર વીના. તેવો નર તો નાર વીના.
ઉદારપણું ઉદાર વીના, જારી નર જેમ જાર વીના;
માટી જેવી ગાર વીના. તેવો.
બ્રહ્મચારી બ્રહ્મચાર વીના, અધીકારી અધીકાર વીના;
સંસાર શુન્ય પરીવાર વીના. તેવો.
જેમ ગુરૂજી હાર વીના, કરવું કામ વીચાર વીના;
જેવી યારી યાર વીના. તેવો.
પાઠ કરે પણ સાર વીના, બોલે પણ જે પાર વીના,
મોટું ઘર જે બાર વીના. તેવો.
જેસો ગાયો ચાર વીના, ઝાઝું ખાવું આહાર વીના;
લડવુ પણ તરવાર વિના. તેવો
ઝાઝું લડવું વહાર વીના, બગલા કુત્તાં ખાર વીના;
જેમ પરણી આર વીના. તેવો
ભીખારી દાતાર વીના, તરંગો ગુનેગાર વીના,
આભુષણ દેદાર વીના. તેવો.
સારૂ સુખ સંસાર વીના, જમવુ પણ કંસાર વીના;
ઉપર ઘીની ધાર વીના. તેવો.
કામની ભરથાર વીના, નદી ઘાટ પરથાર વીના;
ઊતરવું પેલે પાર વીના. તેવો.

ઘોડો પણ ઘોડાર વીના, રોવું પણ પોકાર વીના;
રળવું ધમ ધોકાર વીના. તેવો.
ભજન કરે કરતાલ વીના, લટ્ટુ ગોળી બહાર વીના;
સોનુ પણ સોનાર વીના. તેવો.
કપડુ પણ સીવનાર વીના, જેમ આયુષ્ય જીવનાર વીના;
ટાઢ પડે પણુ ઠાર વીના. તેવો.
માટી પણ કુંભાર વીના, ગરીબ અને જુના વીના,
બળદ બલ ગવાર વીના. તેવો.
સુરજદેવ સવાર વીના, અહંકારી અહંકાર વીના,
મનુષ્ય પણ ટકાર વીના તેવો.

(સેહેજાનંદ હરી—એ રાગ)

જીવડો જાએ બળી, નારી વીણુ જીવડો જાએ બળી,
તોએ નારી ન મુજને મળી નારી વીણુ.
પશુપક્ષીની નરનારીની જોડી, દેખી જરૂં કળકળી,
સૂનુ ઘર મારૂં લાગે હમેશા, જેમ નેવા વીના નળી. નારી.
બાળપણમા નારી જુવાન પરણ્યો, તોએ નારી બળી,
જોસ જુવાનીના જતી ગયું, પછી શા કામની એ નળી. નારી.
આખરી ટાણી ખાવા બનાવુ હાથે લોટ દળી,
ભજીયા ઉના મને કોણ ખવરાવે, ટેવુ આવે પૂરી તળી, નારી.
હોટલમાં ચહાને બીડીઓ પીને, છાતી તો ગઇ બળી,
અડધુ દીલ મહારૂં રહે છે હમેશા, ના મળી પુતળી. નારી.

મરસીયા છંદ.

હાય હાય હુ નારી વીના નર અભાગીઓ,
નારી વીના નર અભાગીઓ;
કુર્મ કુટચુને થયો અભાગીઓ. હાય.
બાહબંધો મહેણું ખુબ દે છે, વાઢો વાંઢા મને સઉ કહે છે;
મન બળી બળીને તો રહે છેરે. હાય.
જાણે પરણ્યો સ્વપ્નામાં હું નારી, આવો સ્વામી કહી બોલાવે પ્યારી;
જાગી જોઉં તો રાત અંધારીરે. હાય.
જઉં બારણે હું વાસીને તાળુ, ભુખે રહીને મહારી દેહ ગાળુ;
બળે મન બીજી નારીયોને ભાળૂરે. હાય.
સમશાન સમાન ઘર દીસે, બળી મરૂં શું હું હરનીસે;
ભુખે સુઈ રહું રીસે ને રીસેરે. હાય.
મારી રીસને મનાવનારી બામા, કેમ ઉઠી ગયાં તમે રામા;
મને બેસાડો તમારી સામારે. હાય.
લેખ લખ્યો વીધાતા તેં કેવો, ચાખ્યો નહીં સંસારનો મેવો;
ખાધી રોટીને ખાધી નથી સેવોરે. હાય.
મારે હાથે ભરવું પડે પાણી, પણ દેતું નથી કોઇ મને શાણી;
શાંણી વીના જીવતર ધુળધાણીરે. હાય.
સાંજે હાથે કરવી પડે દસમી, મારી દશા થઇ છે આવી વસમી;
આવી દશાને બળી ખાવી દસમીરે. હાય.

અભીમાની અમલદાર અગર શેઠ.

રાગ ગઝલ કવાલીની ચાલ.

બળી આ નોકરી કરવી, અમલદારો થયા ગરવી, બ૦
સાળો સસરો કહીને ભાંડે, ગાળો દે નરવી. બ૦
ખરા કામે રાખે રોકી, આંખો નીરે ભગવી. બ૦
લઠી લખીને લમણાં દુખે, માથે સુડો ભગવી. બ૦
વીના કામે વીના સ્વાર્થે, બેસાડતો મરવી. બ૦
ખરૂ કહેતા પડે ખોટું, સરીતા શી રીતે તરવી. બ૦
સારો ઉદ્યમ એથી બીજો, વહેપારી દુકાનો કરવી. બ૦
ઠુંઠવાથી તન બળે છે, બળી આ હાજરી ભરવી. બ૦
પોતે મોટા સુખમાં મહાલે, બીજાપર ક્રુરતા કરવી. બ૦
સ્વતંત્ર મુકયા હરીએ હમને, પરતંત્રતા કરવી. બ૦
વહોરા લોકો વહેપારી છે, સાબુને દીવાસળી કરવી. બ૦
કાચ લોઢુ ને કરીઆણુ, તુચ્છ નોકરી મળવી. બ૦
ચોર ચોરે મને ઠપકો, માંથા વઢી હળવી. બ૦
ગુલામ તો સરકારે કાઢ્યા, ગુલામગીરી કરવી. બ૦
બીજો મારગ સુઝે નહિ કંઇ, તેથી દુષ્ટ નોકરી કરવી. બ૦
શેઠીયા જો મળે સારા, તો તો બધી જીંદગી હળવી. બ૦

સારા શેઠને હરામી નોકરો.

(રાગ—ઉપરનો).

હરામી નોકરો ભાળી, નાંખું હું જીંદગી બાળી. હ૦
ચોરીમા ચોગડદમ પુરા, છુપાતા મુજને ભાળી. હ૦
દગલબાજને જુઠા બોલા, અંતરે દાનતો કાળી. હ૦
પ્રપંચી તો પુરેપુરા હાથોહાથ આપતા તાળી. હ૦
એક બદલી બીજો રાખુ, તોએ મે શાન્તિ ના વાળી. હ૦
મહારૂ ખઈને બોદે મહારૂ, જોઉ હુ તે નીહાળી. હ૦
હલાલ કરનું આપ્યુ મુકી હરખાતો હરામનુ ભાળી. હ૦

ખેતીમાં ચીત નહી રાખવાથી ફજેતી થાય છે.

સહીયારી ખેતી વીષે દ્રષ્ટાંત.

કવીત.

ઇદર રાજા નોબત વાગે વાજ, ઘેરી ઘેરીરે,
રણછોડ ગોર તો રહીને બોલ્યા ઉગમણે ભણી જઇગેરે;
મુળીયાવાળા ખેતર સારૂ ગોપાળદાસને કહીયેરે.

ગોપાળદાસ વળી ઘાંટે બોલ્યા જઇને હળાં ઘાલોરે;
દસ રૂપીયાનુ ભરતીઊ પણ આઠ હમને આલોરે.

આખુ વાવો તો આઠ આપો અરધુ વાવો તો ચારરે;
તેવાં વચન સાભળીને હમે થયા તૈયારરે.
જઇને હળા જાડીયાને ઓતરા કાઢ્યા ચાસરે,
ઓરડીના બાંટવા ને મહી છે લીલો કાસરે.

દઈવ હવે તો કેમ થશે ને કેમ કરી રહેશે લાજરે;
વાકામાંતો પાંસરૂ પણ ગાયકવાડનુ રાજરે.
પાકયુ કે ન પાકયુ ત્યારે સરકાર આપણને દંડશેરે;
સારૂ કરીને ખેડીશું તો મહેનત આપણી મળશેરે.
સુઢીયુ સારૂ પેર્યું ને પેગી મગને જારરે;
પુનમે તો પેરીયુને બીજે નીકળ્યુ બહારરે.
સુઢીયુ સારૂ કીધુ ને લીલી દીઠી છોડયોરે,
પખીડાને કારણે કનોજી મેલ્યા ટોડ્યોરે.
કાનાજીને કામ ઘણું ફેરો એક ન ખાયરે,
ખેતર તો શનુ પડ્યુ ને લોક લુટી જાયરે.
અરવુ ખાધુ વાદરે હુકા વગાડે હાટરે,
સમરીયો સ્વર્ગે ભમે ને તલપ મારે બાજરે.
ગાસે ચાસે આકરણો નાગ ઝાઝા ફરતારે,
ખબુતરને સમજાગ ઘણી ચારે ખુણે ખાયરે.
નોળ કહે હુ નાખુાવટી ને જે માગે તેને આપુરે,
ઉદર કહે હુ ઘરનો ધણી થડથી રાડા કાપુરે.
સીયાળો મેઢે ભમે ને તાણી નાખે છોડરે;
વડ તળે ઘેરો હતો તે ભાગી નાખે મોરર
• દેવલીએ દેરા તેડીયોને ઠાબર કહેવા જાયરે;
એક ઉડયુ અળગુ ગ્યુ ત્યાં હજાર ભેગા થાયરે.
શારખા સીકોતરા ને પીત્તકોડા છે પુરારે,
જાર મધળી ખઇ ગયા ને પડયા મેલ્યાં બુરારે.
સુવરીએ સુથરીયા બાંગ્યા ચાગી ખાધુ ચારેરે,
ચાડે ખાધી પાનડા ને ગડાં ખાધા ઘોડેરે
એક દીન જોવા આવીયો ને લુટી ચોસઠ ધારારે;
પાસેથી પાડોસી નાડા કરે છે માર્યા માર્યા રેહ.

અરધું હાપ્યુ અરધું વાઢ્યું;
વાડામાં લાવ્યા ત્યારે, કોક દુસમને બાળ્યુંરે.
ગોપાળદાદા તમે ધારે બોલો, મહેર કરો મથુરરે;
સવદાભાઇ તમે સાચદી પુરો તેડુ કરો હજુરરે.

કજોડા વીશે.

(મોટી નાગીના ધણીનો વીલાપ.)

(બનજારો છંદ.)

તુતો સાંભળ મીત્ર મહારા, મારા ફુટી પડયા જનમારા;
નાનપણમા પરણાવ્યો તાતે, ના જાણુ પરણ્યાની વાતેરે,
માંથે મેલ્યા અણુ મણુના ભાગ. માગ ફુટી

મને વર્ષ થયા છે બાર, નારીની ઉમ્મર અઢારરે,
બળ્યા બળ્યા હીંદુના ધારા. મારા ફુટી.

મારી નારીનો ભભકો ભાળી, થાય લોકોની દાનત કાળીરે
નાખે કાંકરા રસ્તે જનારા મારા ફુટી

બાઇબંધો ખુબ હસે છે, મને નાનો નાનો મશ્કરી કરે છેરે,
મોત બોજો જગત કરનારા મારા ફુટી.

સારાં સારાં ઐાષધો હું ખાઉં, જાણે એનાથી મોટો દેખાઉંરે,
પણુ નથી આવતા વારા મારા ફુટી

મારા ભણતરમા ભુલ નાખી, મા પુંઠે બાઝી જેન આખીરે.
આવા લેખ વીધાત્રા તારા મારા ફુટી.

થઇ જોબનવતી નારી, બાળ દશા તીમ છે મારીરે;
આના કરતાં સારા કુંવારા. મારા ફુટી.
બાઇ ભૂગોળ વિધા વાંચે, બાઇ ચૂલામા અગ્નિ શાચેરે,
કર્મ ફુટયું બાઇ ભણનારા. મારા ફુટી.

નાના ધણીની નારનો વીલાપ.

(ચાબખો.)

જીવતર ગયું મારૂં બગડીરે, હેઅે આવી આતો સવડી.
સ્વામી મારાને ધીમે બોલાવું લેવાને મારી પાસ;
અેકવેંત નીચો મારાથી એતો, શું કર્યું નેં અવિનાશરે. જીવતર.
બાળપણુમાં નાનો સ્વામી, પરણાવ્યો મુજ સાથ;
સ્વામી નાનો ને હૈું મોટી. મીલાવી દીધો હાથરે. જીવતર.
સઘળી સાહેલી સ્વામીની સાથે, ઉડાવે લીલા લેહેર;
મારો ધણી તો સંસારી રીતની, જાણે નહિ કંઈ પેરરે, જીવતર.
બીજા માણુસો કરે ઇશારા. કાંકરા નાંખવા જાયરે;
સંસારી સુખ મે દીઠું નથી મારા પેટમાં લાગે લહાયરે. જીવતર.
ધણી મારાને ઘણો સમજાવું, પણ એ નાનુ બાળ;
સાચવી રહીને શીખામણ દઊં તો ઉલટી દેછે ગાળરે. જીવતર.
નાના ધણીને જોઇને સૌ લોક હસતા રહે દીનરાત;
સાહેલી મારી કરે છે ઠેકડી, જાણે કરૂ આપઘાતરે. જીવતર.
શરમાઈને હુતો ભોયમા પેસુ, ભુમી દેતી નથી માગ;
કામ જોબનમા વ્યાપી રહયો છે, લાગે છે દીલમાં આગરે. જીવતર.
ગળથુથીમાં વીખ ના દીધુ, એવા વેરી માબાપ;
ઘર જોયુ પણ વર ના જોયો, વાગી જગતમાં છાપરે. જીવતર.
ઉચી એડીના જોડા પહેરીને, જાણે હું ઊચો થાઊં;
મારી આગળ તો રોફ બતાવે, મનમાં બળી બળી જાઊં. જીવતર

જગતના વેષધારી બાવાઓ.

(મરસીઆ છંદ.)

ભાઇ જોજો ઢોંગી જગતના બાવા, ઢોગી જગતના બાવા
લેવા માંડયા સંસારના લહાવારે. ભાઇ.
માત. પીતા જેણે દીધાં છોડી, ઇશ્વર ભક્તિમા મન દીધુ જોડી;
પણુ તેમાં કસર રહી થોડીરે, ભાઇ.
થયા ભગવાં વસ્ત્ર પહેરી બાવા, લીધો તંબુરો ભજન ગાવા;
લાગ્યા રૂપૈયા તનથી કમાવારે. ભાઈ.
થયા ભગવાં વસ્ત્રે બ્રહ્મચારી, કાઢી લાવ્યા ગૃહસ્થ કેરી નારી;
તેવા નરો રહ્યા ફાંફાં મારીરે. ભાઇ.
ચાર નારી બાવાને નવરાવે, ત્રણ નારી બાવાને ખવરાવે,
પાન સોપારી રસ પીવરાવેરે. ભાઈ.
જગ ચપી બાવાની કરે પ્રીતે, નામ ભગવાનનુ મુકયુ ભીતે,
ખોટા કામો કરે બીતે બીતેરે. ભાઈ.
જુઓ જુઓ કળીના બાવા, લોકો આપે છે સારૂં સારૂ ખાવા;
શીદ પૂજો છો ઢોંગી બાવારે. ભાઇ.
પોતે ડુબી બીજાને ડૂબાડો, આવી બુરી બીજાને લગાડો;
શીદ સતી સ્ત્રીઓને બગાડોરે. ભાઇ.
નારી નરની ન રાખે માઝા, કરતી સ્વામીને ડુંકાગ ઝાઝા;
ખવરાવી રાખે બાવા તાજારે, ભાઇ.
ત્રીસ ચાલી વર્ષોની ઘણી નારી, કોઇ સારી ને કોઈ નઠારી,
હરનીશ સેવે જાય બ્રહ્મચારીરે. ભાઇ

આર્યબંધુઓને શીખામણ.

(હરી ભજન થકીછોટા હોય તે સૌથી મોટા થાય છે-એ રાગ.)

દેશી મીત્રા સમજી રહો તો, શુખડાં હરનીશ થાશે;
નહીં સમજો તો ઢોંગી બાવા, સ્ત્રીઓ હરી લઇ જાશે. **દેશી.**

સ્વામીની સેવા નીત્ય કરવી, શીખામણ તેની ઉર ધરવી;
એમ ના ચાલે નારી ગરવી, **દેશી.**

સ્વામી છે જે ઘરના દેવા, માબાપે આપ્યા જે મેવા;
તેને તારે શું મુકી દેવા **દેશી.**

સ્વામીની સાથે લડી બાઝી, બાવાને દેખી થતી રાજી;
હું પાએ નમુ મારા બાવાજી. **દેશી.**

બસ હું તો ભજનમા જવાની, સેવા કરવાને બાવાની;
નહી રાધુ અને નથી ખાવાની. **દેશી.**

મ્હારે તો થઇ છે કથા વેળા, ખાવા હોય તો ખાજો કેળાં;
નહિ તો સાજે થઇશું ભેળા. **દેશી.**

આવી લત લાગી બાવાની, તારી પુંઠે ખબર નહિ ખાવાની;
નારી એ નીશ્ચે જાવાની. **દેશી.**

બાવાની થઇ એતો બાવી, ઘરમાથી ધન ચોરી લાવી;
દેશી બધુ આ દશા આવી **દેશી.**

માબાપે આપ્યો જે સ્વામી, તેને લાગે તું નકામી;
ઉલટી થાએ તેના સામી. **દેશી.**

બાવાની દેખીને દાઢી, લલચાઇ ગઈ મોટી લાડી,
બાવો કહે છે માડી માડી **દેશી.**

દોહરો.

બાવાની બાવી થઇ, મુકી નીજ ભરથાર;
નાણું પણ લેતી ગઇ, છોડયાં ઘરને બાર.

રાંડેલી ઢોંગી ભક્તાણી.

(રંડાપા ભેગા મંડાપો ને વાડા ભેગા નાડા.)

(રાગ–રામા રામા બોલો મારા ભાઈરે.)

જુઓ જુઓ ભક્તાણી જપે માળારે, જપે માળારે
એના ચાળારે. જુવો.

હાથે માળા. ફરે આંખે ઈસારા કરે, ચીતે ઈસકના
ઊછાળારે, જુઓ.

પાતરની ચાલે ચાલે, આડી ને અવળી મલાએ, આવું આવું
દેખી થાય જવાળારે. જુઓ.

જગમાં રંડાઇને, મનથી મંડાઇને, અંતરે હોળ્યા,
નિમાળારે. જુઓ.

બેઠી સપાટ પગે, પાટલી બોય લગે, પોલકાં શોભે
રૂપાળારે. જુઓ

આંખે તો સુરમો આંજે, સાબુથી મુખ માજે. જુઓ જુઓ
ભક્તિવાળારે જુઓ.

ગંગાએ નાહી ધોઇ, ખમો અડશો ન કોઇ, રસ્તે રખડતા
ચાર બાળારે. જુઓ.

સૌને સમજાવી, એવી એ ડાહી, ગંગાએ નાહી ધોઇ
બાળારે. જુઓ.

રાંધીશું રાતે ખાઇશું ખાતે અત્યારે ઘેર જાઓ ચાલ્યારે,
જુઓ.

ઘેર આવીને બેઠી, તરત સેવામા પેઠી, દેવ નવગાવી લીધી
માળારે. જુઓ.

આરે પાડોશી બાળ, મોઢેથી દેતી ગાળ, કેમ અડયું મને
સાળારે. જુઓ.

ફેરવી માળા જાગે, ફરીવા નાવુ થારો, મરજે જગનારી
તમ બાગારે. જુઓ.

ટીલી તાણીને, માળાને લઇને, મનમાં ગમેલા રૂપાળારે.
જુઓ.

આખેને કાને ટીલા, ગોપીચંદનના ખીલ્યા, બેસ બડકે તેવાં
બાળ્યારે; જુઓ.

દાળ ઓગીને ચાલી. હાથે કોથળી ઝાલી, દરશને ચાલ્યાં
રૂપાળાંરે. જુઓ.

આવાં દરશનમાં ભજે, પ્રભુ ક્યાથી તો મળે, મનડાં છે
જેના કાળાંરે જુઓ.

જમી પરવારી, નવરી થઇ નારી, જઇને જોગીને નિકાળ્યારે.
જુઓ.

થાળ જમાડી ફરી, વાસુ કિરાડે ફરી, પગ ચાંપતાં કરે
ચાળારે, જુઓ.

બાવાએ ચાળા ભાળી, દાંતત કીધી કાળી, મત ગભરાઇઓ
બાળારે. જુઓ.

આવાને લીધા નહાવા, પકેલુ આપીને ખાવા, કર્મ કરે છે
જુઓ કાળારે. જુઓ.

સાંજ પડી છે ખરી, પાછી ત્યાંથી તો ફરી; વહાણાના
વાયદા સંભાર્યારે; જુઓ.

પરમેશ્વર ભજવા મુકી, મનુષ્યા જનમે તું ચુકી, ધીક છે
વાયદાવાળારે, જુઓ.

પુર્વના પાપે રંડા, આ જનમે આવાં મંડયા. લક્ષચોરાશી
જનમ આલ્યારે, જુઓ.

કચારી મળને મુનસફી, મનુષ્ય જનમના દરની, સુકર
દીન દયાળારે, જુઓ.

રાગ—મોરમ.

હાય હાયરે રાંડેલીના શા બળાપા, રાંડેલીના શા બળાપા,
તુટી પડીયા સીંધુ મહીં ત્રાપારે. હાય.
બાળપણુમાં રાંડેલી છે બાળા, અંતર કામાગ્ની અગનીની જ્વાળા;
તેને જપવી ગમે કેમ માળારે. હાય.
જુના જુના હીંદુના રીવાજે, રંડા ગર્ભો પાડે તમે લાજો;
આના કરતા પરણાવાને બાજેરે હાય.
ગર્ભો પાડી પાડી દેહને ગાળે, માતપીતા અંતર તેને બાળે;
મરે ત્યારે તે નીરાંત વાળેરે હાય.
આથી પુનરલગ્ન શું ખોટુ, ગર્ભ અંદર બાળક મરે છોટું,
એથી બીજું શું છે દુષ્ટ મોટુંરે. હાય.
આવી ઘણી બાળાઓ રંડેલી, એતો અંતરથી રહે છે માંડેલી;
કેવી હીંદુ મીરીયાદાની ડેલીરે. હાય.
હીંદુશાસ્ત્રો કરનારા ક્યાં સુતા, વળગાડી ખોટાં ખોટા ભુતાં;
આખો જનમારો મરાવો જુતારે હાય.
કંઈક જાએ બીજા જન લઈ નાસી, કઈની સુવાવડો થાય કાસી;
કોણીકાળે નો ઘાલી છે ફાંસીરે. હાય.
આવી બાળાઓના આ બળાપા શાસ્ત્રકારો ઉચાડાને ઝાપા,
પગ સો રઈ ગયા વાગી ખાપારે હાય.
જોશી મહુરત કેવું જોવા માંડે, પરણ્યા પછી આરે મહીને રાંડે;
પીાકા મારો એ જોશીની ગાંડેરે. હાય.

જન્મ ધરીને સંસારમાં શું શીખ્યું ?

લેખક:—દલપતરામ ગૌરીશંકર નરલખા-જામનગર.

રાગ-માલ કોષ.

શું સાર શીખ્યો અવતરી. જો ચાર સાધન ના સર્યા,
ધન ધામને દોલત ખજાના, ભૂમિમા રહેશે ભર્યા, શું સાર.

ધોળાં થયાં કાળા ગયા, પણ કૃત્ય કાળા રહી ગયા,
ધોળે પડી એ કુળ ધોળાં; કીર્તિ કામ નહિ કર્યા, શું સાર.

દાઢી ઠર્યા ડહાપણ ભર્યા, વળી દંડ કર માંહે ધર્યા,
એ કાર્ય વ્યર્થ કર્યા કમંડળ, દંડ કરમા લેઈ ફર્યા, શું સાર.

હાડ ચામેથી મઢેલા, મેલ મૂત્રેથી ભરેલા,
હાંડલાં ન કર્યાં કર્યાં જો; ધર્મ ધોરણ પરહર્યા; શું સાર.

પાવડા પગમા ધર્યા, પરિધાન પિતાંબર ધર્યા.
એ પાવલા ન ધર્યા ધર્યા જો, જ્ઞાન પાન પરા રહ્યા. શું સાર.

નિજ ગેહમા દિપક કર્યા, ઘનઘોર અંધારા ટળ્યા;
ઘનઘોર એ ન ટળ્યા ટળ્યા જો, દેહ અંધારા રહ્યા, શું સાર.

બહુ ખર્ચ કરીને સંચર્યા, દેશાટને ભૂમિ ફર્યા;
ભૂમિ એ ન ફર્યા ફર્યા જો, બ્રહ્મભૂમિ ના ફર્યા, શું સાર.

બાગ ઉદ્યાને ફર્યા, મિષ્ટાન્ન ભોજનને જમ્યા,
એ ભાજનો ન ગળ્યાં ગળ્યા જો, ગર્વ તનુના ગયા, શું સાર.

દાઢ માડેથી ઘર્યા, મુખ આરસી જોઈ રહ્યા,
મુખ જોઈને ન રહ્યા રહ્યા જો દયા દાન ગયાં ગયાં. શું સાર.

તામ્બુલો મુખમાં ધર્યા કાથે અને ચૂને કર્યા;
એ પાન ગહેરો સૌ પડ્યાં, કોરા કર્મીથી છે ભર્યા. શું સાર.

સમાપ્ત.